ગુજરાત જાહેર સેવા આયોગ

## પરિશિષ્ટ-૧

## આયુર્વેદના સંસ્કૃત વિષયના લેક્ચરર, વર્ગ-૨ (જા.ક્ર. ૬૪/૨૦૧૭-૧૮)

### પ્રાથમિક કસોટીમાં ઉપસ્થિત રહેતી વખતે ધ્યાનમાં રાખવા અંગેની ઉમેદવારોને સુચનાઓ

**ઉમેદવારોએ પ્રવેશપત્ર સાથે, "ઉમેદવારો માટેની માર્ગદર્શક સૂચનાઓ" (પરિશિષ્ટ-૨) તથા જવાબવહીનો નમુનો પણ http://gpsc-ojas.gujarat.gov.in પરથી ડાઉનલોડ કરી લેવાનો રહેશે.**

૧. આયોગ દ્વારા પ્રસિધ્ધ થયેલ મૂળ જાહેરાતની જોગવાઈ મુજબ તા.૦૧/૧૧/૨૦૧૭ ના રોજ ઉમેદવાર નિયત વય તથા શૈક્ષણિક લાયકાત ધરાવે છે તે શરતે જ ઉમેદવારને તદ્દન કામચલાઉ ધોરણે ઉમેદવારના અરજીપત્રક્ની ચકાસણી કર્યા સિવાય ઉમેદવારની પોતાની જવાબદારી ઉપર પ્રાથમિક કસોટીમાં પ્રવેશ આપવામાં આવે છે. જો કોઈપણ તબક્કે આયોગને એમ જણાશે કે, ઉમેદવાર ભરતી નિયમો તથા જાહેરાતની જોગવાઇઓ મુજબ ઉંમર, શૈક્ષણિક લાયકાત અંગેની કે અન્ય જોગવાઈઓ/શરતો સંતોષતા નથી, તો ઉમેદવારનો પ્રાથમિક કસોટીનો પ્રવેશ રદ ગણાશે.

૨. પ્રાથમિક કસોટીમાં ૩૦૦ ગુણમાંથી મેળવેલ ગુણને ૫૦% ગુણ અને રૂબરૂ મુલાકાતમાં ૧૦૦ ગુણમાંથી મેળવેલ ગુણને ૫૦% ગુણભાર ગણી કુલ ૧૦૦ ગુણમાંથી ગુણ આપવામાં આવશે જેની નોંધ લેવી.

૩. ઉમેદવારે પોતાના ખર્ચે પરીક્ષામાં ઉપસ્થિત થવાનું રહેશે.

૪. પરીક્ષાની જવાબવહીમાં આપનું નામ, રોલ નંબર, પરીક્ષાનું નામ વગેરે વિગતો ભરવાની થાય છે. પરીક્ષા શરૂ થાય તે પહેલાં આપે ૩૦ મિનિટ પહેલા પરીક્ષા ખંડમાં ઉપસ્થિત થઇને આપનું સ્થાન ગ્રહણ કરી લેવું.

૫. પરીક્ષા શરુ થયા બાદ કોઈપણ સંજોગોમાં ઉમેદવારને પ્રવેશ આપવામાં આવશે નહીં.

૬. પરીક્ષાના પુરા સમય દરમ્યાન પરીક્ષા ખંડ છોડી શકાશે નહીં.

૭. નિયમોનુસાર મળવાપાત્ર હોય તે સિવાય લહીયા (Scribe)ની સુવિધા/મદદ આપવાની વિનંતી ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં.

૮. આ કસોટીમાં પ્રત્યેક ખોટા જવાબના કિસ્સાઓમાં જે તે જવાબના નિશ્ચિત ગુણના ૦.૩ ગુણ કુલ ગુણમાંથી કાપવામાં આવશે. એટલે કે ખોટા જવાબ માટે નેગેટિવ ગુણની બાબત ઉમેદવારે ધ્યાને રાખવાની રહેશે. પ્રશ્નપત્રમાં કોઇ પ્રશ્ન અંગે રજૂઆત હોય તો કસોટી પૂરી થયા બાદ તુરત જ લેખિતમાં કેંદ્ર પરના આયોગના પ્રતિનિધિને આપવાની રહેશે.

૯. જવાબવહીમાં જવાબ લખવા માટે ભૂરી/કાળી શાહીની (Blue/Black ink) બોલ પેન જ વાપરવાની રહેશે.

૧૦. પરીક્ષા ખંડમાં ઉમેદવારે પ્રવેશપત્ર સિવાય કોઈ વસ્તુ જેવી કે નોંધો, નોટ, કેલક્યુલેટર, પુસ્તક, ગાણિતિક સાધનો કે કોષ્ટકો, તથા ગુટખા વગેરે લાવવા નહીં. જો હોય તો તે આપના જોખમે પરીક્ષા ખંડની બહાર મુકી દેવા.

૧૧. પરીક્ષા ખંડમાં મોબાઇલ, પેજર, કેલ્ક્યુલેટર કે અન્ય પ્રકારના ઇલેક્ટ્રોનિક્સ સાધનો લઇ જવા પર પ્રતિબંધ છે. જો કોઇ ઉમેદવાર આવા સાધનો સાથે પકડાશે તો, તુરત જ તેમનું લખવાનું બંધ કરાવવામાં આવશે અને ઉત્તરવહી તથા પ્રશ્નપત્ર ઉમેદવાર પાસેથી પરત લઇ લેવામાં આવશે અને તે અંગેનું પ્રાથમિક નિવેદન ઉમેદવારે આપવાનું રહેશે અને તેઓને નીચેની સૂચના-૧૫-H-(૯) માં નિર્દિષ્ટ શિક્ષાઓ પૈકી કોઇ એક અથવા વધુ શિક્ષા થઈ શકશે જેની ઉમેદવારે નોંધ લેવા વિનંતી છે. આવા ઉમેદવારને પરીક્ષાનો સમય પુર્ણ થાય ત્યાં સુધી પરીક્ષા ખંડની બહાર જવાની મંજૂરી આપવામાં આવશે નહી.

૧૨. ઉમેદવાર દ્વારા જવાબવહીમાં જો રોલ નંબર/પ્રશ્ન પુસ્તિકા સિરિઝ કે પ્રશ્ન પુસ્તિકા નંબર ખોટા લખવામાં આવશે કે ખોટા એનકોડ (Encode) કરવામાં આવશે તો જવાબવહી તપાસવામાં આવશે નહીં.

૧૩. પ્રશ્નપત્રમાં કોઇ પ્રશ્ન અંગે આપની રજૂઆત હોય તો કસોટી પૂરી થયા બાદ તુરત જ લેખિતમાં કેન્દ્ર પરના આયોગના પ્રતિનિધિને આપવાની રહેશે.

૧૪. ઓએમઆર (OMR) શીટમાં જવાબ સુનિશ્ચિત કર્યા બાદ જ વર્તુળમાં બોલ પેનથી ડાર્ક કરવું. વર્તુળ ડાર્ક કરવામાં થોડુ પણ રહી જશે તો શક્ય છે કે ઓટોમેટિક મશીન/રીડર તેની નોંધ લેશે નહિ/તેને વાંચી શકાશે નહિ. આથી ઉમેદવાર જે જવાબને સાચા ગણતા હોય તે જવાબવાળા વર્તુળને પુરેપુરૂં ડાર્ક કરવાનું યાદ રાખવું અને વર્તુળનો કોઇ ભાગ ડાર્ક કરવાનો સ્હેજ પણ રહી ન જાય તે ખાસ ધ્યાન રાખવું. આ પ્રમાણે પુરેપુરૂં વર્તુળ ડાર્ક ન કરવાને કારણે કોઇ પ્રશ્નની ઓટોમેટિક મશીન/રીડર દ્વારા નોંધ લેવામાં આવશે નહીં, તે માટેની સંપુર્ણ જવાબદારી ઉમેદવારની રહેશે. આ બાબતે આયોગની કોઇ જવાબદારી રહેશે નહી. એકથી વધુ વર્તુળને ડાર્ક કરવામાં આવ્યા હશે તે જવાબને ખોટો ગણવામાં આવશે

૧૫. ઉમેદવારોએ નીચેની સૂચના તથા આ સાથે રાખવામાં આવેલ પરિશિષ્ટ-૨ની સુચનાઓ ધ્યાનપૂર્વક વાંચવી, જેના ભંગ બદલ આયોગ ઉમેદવારની વિરૂધ્ધ યોગ્ય તે કાર્યવાહી કરશે.

A. ઉમેદવારે પ્રવેશપત્ર હાજરીપત્રક ડાઉનલોડ કરી પરીક્ષાના સમયે સાથે લાવવા તથા લેખિત કસોટી અંગે ઉમેદવારોને સૂચનાઓ (પરિશિષ્ટ-૧) તથા ઉમેદવારો માટે માર્ગદર્શક સૂચનાઓ (પરિશિષ્ટ-૨) તથા જવાબવહીનો નમુનો પણ ડાઉનલોડ કરી, ધ્યાનથી વાંચી પરીક્ષા આપવા આવવું.

B. પ્રશ્નોના જવાબો સિવાય કોઇપણ અસંગત વિગતો, ટીકા વિગેરે જવાબવહી/પ્રશ્ન પુસ્તિકામાં લખવી નહીં.

C. પરીક્ષાનો સમય પૂરો થયા પછી ઉમેદવારે જવાબ લખવાનું ચાલુ રાખવું નહિ.

D. પરીક્ષાખંડમાં શાંતિ જાળવવાની રહેશે તેમજ વાતચીત કરવાની સંપૂર્ણ મનાઇ છે.

E. પરીક્ષા સમય દરમ્યાન ઉમેદવારને સુપરવાઇઝર/નિરીક્ષક તરફથી જે સૂચનાઓ આપવામાં આવે તેનું ચુસ્ત પાલન કરવાનું રહેશે. જો ઉમેદવાર તેમ નહિ કરે કે અઘટિત અથવા અનુચિત આચરણ કરશે તો તેઓને પરીક્ષાખંડમાંથી ઉઠાડી મૂકવામાં આવશે તેમજ, આયોગને યોગ્ય જણાય તે મુજબ અન્ય શિક્ષાને પાત્ર પણ તેઓ ઠરશે, જેની નોંધ લેવી.

F. પરીક્ષાર્થી તરીકે આપને કોઇ ફરિયાદ હોય તો તે લેખિતમાં આયોગના સચિવશ્રીને મોકલવી.

G. પરીક્ષાખંડમાંથી બહાર નીકળ્યા બાદ પરીક્ષાખંડની આજુબાજુ ઉભા રહેવું નહિ કે ફરવું નહિ.

H. ચેતવણીઓ:-

(૧) કોઇપણ પ્રકારે ટેકો મેળવવા માટે એટલે કે આયોગના અધ્યક્ષશ્રી, સભ્યશ્રી અથવા કોઇ અધિકારી/કર્મચારી પર પ્રત્યક્ષ કે પરોક્ષ લાગવગ લગાડવાનો પ્રયાસ કરવા માટે, અથવા (૨) બીજાનું નામ ધારણ કરવા માટે, અથવા બીજા પાસે પોતાનું નામ ધારણ કરાવવા માટે, અથવા (૩) બનાવટી દસ્તાવેજો અથવા દસ્તાવેજો સાથે ચેડા કરવામાં આવ્યાં હોય તેવા દસ્તાવેજો સાદર કરવા માટે, અથવા (૪) ખોટા નિવેદનો કરવા માટે અથવા મહત્વની માહિતી છુપાવતા હોય તેવા નિવેદન કરવા માટે, અથવા (૫) પરીક્ષા માટે તેની ઉમેદવારીના સંબંધમાં અન્ય કોઇ અનિયમિત અથવા અયોગ્ય સાધનનો આશ્રય લેવા માટે, અથવા (૬) પરીક્ષા દરમ્યાન ગેરરીતિઓનો ઉપયોગ કરવા માટે એટલે કે અન્ય ઉમેદવારની જવાબવહીમાંથી નકલ કરવાનો કે કરવા દેવાનો, પુસ્તક, ગાઈડ, કાપલી, કે તેવા કોઇપણ છાપેલાં કે હસ્તલિખિત સાહિત્યની મદદથી અથવા વાતચીત દ્વારા નકલ કરવા કે અન્ય ઉમેદવારોને નકલ કરાવવાની ગેરરીતિઓ પૈકી કોઇપણ ગેરરીતિ આચરવા માટે કે મોબાઇલ ફોનનો ઉપયોગ કરવા માટે, અથવા મોબાઇલ ફોન ચાલુ હાલતમાં કે સ્વીચ્ડ ઓફ મોડમાં પણ સાથે રાખવા માટે, અથવા (૭) પરીક્ષાખંડમાં ધુમ્રપાન, અશાંતિ કે ધાંધલ કરવા માટે, અથવા અન્ય કોઇ રીતે ગેરવર્તણૂંક કરવા માટે, અથવા (૮) પરીક્ષા માટે આયોગે નિમેલા સ્ટાફને સીધી કે આડકતરી રીતે હેરાન કરવા અથવા શારીરિક રીતે ઇજા કરવા માટે, અથવા (૯) યથા પ્રસંગે ઉપર દર્શાવેલ (૧) થી (૮) ખંડોમાં નિર્દિષ્ટ કરેલા તમામ અથવા કોઇપણ કાર્ય કરવાનો પ્રયત્ન કરવા માટે અથવા મદદગારી કરવા માટે, અથવા દોષિત ઠરાવે અથવા ઠરાવ્યા હોય તે ઉમેદવાર સામે ફોજદારી કાર્યવાહી કરવામાં આવશે.

તે ઉપરાંત,

(a) આયોગ તેઓ જે પરીક્ષાના ઉમેદવાર હોય તે પરીક્ષામાં તેમને ગેરલાયક ઠરાવી શકશે.

(b) આયોગ ધ્વારા ઉમેદવારોની પસંદગી માટે યોજવામાં આવતી તેવી કોઇપણ રૂબરૂ મુલાકાત (ઇન્ટરવ્યુ) માટે કાયમ અથવા અમુક સમય માટે બાકાત રાખશે, ગેરલાયક ઠરાવશે.

(c) આયોગ પોતે લીધેલી કોઇ પરીક્ષા અથવા કરેલી કોઇ પસંદગીમાંથી, અને રાજ્ય સરકાર પોતાની નીચેની કોઇ નોકરી માટે કાયમ અથવા અમુક મુદત માટે બાકાત કરી શકશે.

(d) જો તે સરકારી નોકરીમાં હોય, તો સમુચિત નિયમો હેઠળ શિસ્તભંગના પગલાં લઇ શકશે.

(૧૦) ઉપરોકત વિગતોમાં નિર્દિષ્ટ કરેલ શિક્ષાઓ કરતાં પહેલા આયોગ દ્વારા/સરકાર દ્વારા ઉમેદવારને-કર્મચારીને,

(૧) આરોપનામામાં તેમના સામેના સ્પષ્ટ આરોપો અથવા કેસોનો પ્રકાર,

(૨) લેખિતમાં શિક્ષા અંગે બચાવનામું, હકીકત રજુ કરવા અને

(૩) શિક્ષા અંગે નિયત સમયમર્યાદામાં રૂબરૂ રજુઆત કરવાની તક આપવામાં આવશે.

૧૬(૧) આ પરીક્ષાનું સૌ પ્રથમ કામચલાઉ પરિણામ બહાર પાડવામાં આવશે. આ પરિણામમાં ઉમેદવારોને કામચલાઉ ધોરણે સફળ જાહેર કરવામાં આવશે. તમામ ઉમેદવારોના પ્રમાણપત્રો તથા અન્ય બાબતોની ચકાસણી ભરતી નિયમો તથા જાહેરાતની જોગવાઈ અનુસાર કરવામાં આવશે. આ ચકાસણી બાદ કેટેગરીવાઈઝ જગ્યાની સંખ્યાને ધ્યાને લઈને રૂબરૂ મુલાકાતને પાત્ર ઉમેદવારોનું આખરી પરિણામ જાહેર કરવામાં આવશે. રૂબરૂ મુલાકાત માટે ૦૧ જગ્યા માટે ૦૬, ૦૨ જગ્યામાટે ૦૮, ૦૩ જગ્યા માટે ૧૦ અને ૦૪ કે તેથી વધુ જગ્યા માટે જગ્યાના ત્રણ ગણા ઉમેદવારો ને રૂબરૂ મુલાકાત માટે બોલાવવામાં આવશે. આ રીતે રૂબરૂ મુલાકાત માટે બોલાવવાના ઉમેદવારો પૈકી જે તે કેટેગરીના છેલ્લા ઉમેદવારના ગુણ જેટલા જ સરખા ગુણ ત્યાર પછીના ઉમેદવારના હશે તેમને પણ રૂબરૂ મુલાકાતને પાત્ર ગણવામાં આવશે. આ પ્રમાણે થશે તો રૂબરૂ મુલાકાતને પાત્ર ઉમેદવારની સંખ્યામાં વધારો થશે. ઉપર દર્શાવેલ નોર્મ્સ પ્રમાણે રૂબરૂ મુલાકાત માટે બોલાવવાના થતા ઉમેદવારોની સંખ્યા પુરી થયા બાદ જે ઉમેદવારની અરજી ચકાસણીને પાત્ર કામચલાઉ પરિણામમાં સમાવેશ થયેલ હોય અને જાહેરાતની બધી જ જોગવાઈ સંતોષતા હશે તો પણ રૂબરૂ મુલાકાતને પાત્ર ગણવામાં આવશે નહીં જેની દરેક ઉમેદવારે નોંધ લેવી.

૧૬(૨) પ્રાથમિક કસોટીમાં મેળવેલ ગુણ આખરી પસંદગી માટે ગણવામાં આવશે. પ્રાથમિક કસોટીમાં ૧૦% કે તેથી ઓછા ગુણ હશે તો તેમને રૂબરૂ મુલાકાતને પાત્ર ગણવામાં આવશે નહીં.

૧૭. પરીક્ષા પૂર્ણ થયા બાદ પ્રશ્નપત્રોના જવાબોની કામચલાઉ 'કી' (Provisional Answer Key) આયોગની કચેરીની વેબસાઇટ www.gpsc.gujarat.gov.in પર પ્રસિધ્ધ કરવામાં આવશે. જવાબોની કામચલાઉ 'કી' (Provisional Answer Key) બાબતે ઉમેદવારને જો કોઇ રજૂઆત કરવાની હોય તો, આવી રજૂઆત જવાબોની કામચલાઉ 'કી' (Provisional Answer Key) પ્રસિધ્ધ થયાની તારીખથી દિન-૭માં આયોગની કચેરીને મળી જાય તે રીતે જ મોકલી આપવાની રહેશે. આ સમયમર્યાદા બાદ મળેલ રજૂઆત વિચારણામાં લેવામાં આવશે નહિ. જવાબોની કામચલાઉ 'કી' (Provisional Answer Key) સંદર્ભે રજૂઆત કરવા માટે ઉમેદવારે તેમની રજૂઆત સંદર્ભે સાચા જવાબો માટેના આધાર/પૂરાવાની નકલ બીડીને જ આયોગની કચેરીને રજૂઆત કરવાની રહેશે. આધાર/પૂરાવાની નકલ વિનાની કોઇ રજૂઆત આયોગની કચેરી દ્વારા ધ્યાને લેવામાં આવશે નહિ.

*****

## પરિશિષ્ટ-૨

## આયુર્વેદના સંસ્કૃત વિષયના લેક્ચરર, વર્ગ-૨ (જા.ક્ર. ૬૪/૨૦૧૭-૧૮)

## પ્રાથમિક કસોટી આપતી વખતે ધ્યાનમાં રાખવા યોગ્ય, ઉમેદવારો માટે માર્ગદર્શક સૂચનાઓ

**(ક) હેતુલક્ષી પરીક્ષા :**

આ પરીક્ષાનું પ્રશ્નપત્ર હેતુલક્ષી-બહુ વિકલ્પી (MCQ-Multiple Choice Question) પ્રકારનું રહેશે. જેમાં ભાગ-૧ તથા ભાગ-૨નું માધ્યમ ગુજરાતી/અંગ્રેજી રહેશે. આ પ્રકારની પરીક્ષામાં આપે વર્ણનાત્મક જવાબો લખવાના રહેશે નહિ. પરંતુ દરેક પ્રશ્ન માટે ચાર સૂચિત જવાબો આપવામાં આવેલ હશે, જેમાંથી દરેક પ્રશ્ન માટે આપે એક જવાબ પસંદ કરવાનો રહેશે. આ વિવરણનો હેતુ આપને પરીક્ષાના પ્રશ્નપત્રના માળખાથી વાકેફ કરવાનો છે. જેથી આવી જાણકારીના અભાવે આપને કંઇ સહન કરવાનું ન આવે કે કોઇ મુશ્કેલી ન પડે.

**(ખ) પ્રશ્નપત્રનું સ્વરૂપ :**

પ્રશ્નપત્ર ભાગ-૧ અને ભાગ-૨ નું સંયુક્ત પ્રશ્નપત્ર પ્રશ્ન પુસ્તિકાના સ્વરૂપનું હશે, જેમાં ૩૦૦ ગુણના ૩૦૦ પ્રશ્નો (ભાગ-૧ પ્રશ્નો-૧૦૦ ગુણ-૧૦૦ માધ્યમ -ગુજરાતી તથા ભાગ-૨ પ્રશ્નો-૨૦૦ ગુણ-૨૦૦ માધ્યમ- સંસ્કૃત) આપવામાં આવેલ હશે, જે ૧૮૦ મિનિટની સમય મર્યાદામાં પૂર્ણ કરવાના રહેશે અને દરેક પ્રશ્નની નીચે A, B, C, D & E ચિન્હ સામે સુચિત જવાબ આપવામાં આવેલ હશે. આપે ચાર જવાબો પૈકી, એક સાચો જવાબ પસંદ કરવાનો રહેશે. (ઉદાહરણ રૂપે નીચે આપવામાં આવેલ નમૂનારૂપ પ્રશ્ન ધ્યાનપૂર્વક જોવા વિનંતી છે.) જો ઉમેદવારે તમામ વિકલ્પો ખાલી રાખ્યા હોય (encode કર્યા ના હોય) અથવા ખોટા જવાબ આપેલ હોય તો પ્રત્યેક નિશ્ચિત ગુણના 0.3 Negative Marks કાપવાના રહેશે. અને જો પાંચમો વિકલ્પ E Not Attended વિકલ્પ જ encode કર્યો હશે તો તે માટે પ્રશ્ન માટે કોઇ Negative Marks કાપવાના રહેશે નહીં. જો આપ એક થી વધુ જવાબ પસંદ કરશો તો તેવા જવાબને રદ ગણી તેના ગુણ આપવામાં આવશે નહીં.

ઉદાહરણ :- ભારતનું કયું રાજ્ય સૌથી લાંબો દરિયા કિનારો ધરાવે છે?

**(A)** મહારાષ્ટ્ર (B) તામીલનાડુ (C) ગુજરાત (D) આંધ્રપ્રદેશ (E) Not Attended

ઉપર્યુક્ત ઉદાહરણમાં સાચો જવાબ (C) ગુજરાત છે. આથી ઉમેદવારે જવાબવહીમાં 'C'નું વર્તુળ ભૂરી/કાળી શાહીની બોલપેનથી પુરેપુરું ડાર્ક કરવું. ઉમેદવારે જવાબમાં 'ગુજરાત' લખવું નહિ. જો એક થી વધુ જવાબ આપશો તો તે જવાબ રદ ગણી તેના ગુણ આપવામાં આવશે નહિ. આથી આ બાબતે ખાસ કાળજી રાખવી /ચીવટ રાખવી.

**(ગ) જવાબ આપવાની પદ્ધતિ :**

પરીક્ષાખંડમાં આપને અલગથી જવાબવહી આપવામાં આવશે. આપે આપના જવાબ આ જવાબવહીમાં લખવાના રહેશે. જવાબવહી સિવાય, અલગ લખેલા જવાબ તપાસવામાં આવશે નહિ. જવાબવહી પર પ્રશ્નોની સંખ્યા આપવામાં આવેલ હશે. દરેક પ્રશ્નની સામે A, B, C & D ચિહ્નવાળા વર્તુળ આપવામાં આવેલ હશે. પ્રશ્નપુસ્તિકાનો પ્રશ્ન વાંચીને, તેનો સાચો જવાબ શોધીને આપે જવાબવહીમાં તે જ પ્રશ્ન સામેના વર્તુળને નીચે દર્શાવ્યા મુજબ પુરી રીતે (દા.ત. આપનો જવાબ 'C' હોય તો) ભુરી / કાળી શાહીની બોલપેનથી ભરી દેવાનું રહેશે.




નોંધ :- ઉપરનું ઉદાહરણ ઉમેદવારોને માર્ગદર્શન મળે તે માટે આપવામાં આવેલ છે. જે અભ્યાસક્રમને ધ્યાનમાં રાખીને આપેલ નથી તેની ખાસ નોંધ લેવી.

એ મહત્વનું છે કે :-

(૧) જવાબવહીના ઉપયોગ સમયે તે વળે નહિ, કરચલીઓ પડે નહિ કે ફાટી ન જાય તેની કાળજી રાખવી.

(૨) પ્રશ્ન પુસ્તિકાની સીરીઝ (A, B, C & D) જમણી બાજુના ખુણા પર આપેલ છે, આપે તે સિરીઝ જવાબવહીની પાછળના ભાગમાં ભૂરી / કાળી શાહીની બોલપેનથી આપેલ વર્તુળમાં એનકોડ કરવી અને ચોરસ ખાનામાં સીરીઝ લખવી.

(૩) ઓએમઆર (OMR) શીટમાં જવાબ સુનિશ્ચિત કર્યા બાદ જ વર્તુળમાં બોલપેનથી ડાર્ક કરવું. વર્તુળ ડાર્ક કરવામાં થોડુ પણ રહી જશે તો શક્ય છે કે ઓટોમેટિક મશીન/રીડર તેની નોંધ લેશે નહિ/તેને વાંચી શકાશે નહિ. આથી ઉમેદવાર જે જવાબને સાચા ગણતા હોય તે જવાબવાળા વર્તુળને પુરેપુરૂં ડાર્ક કરવાનું યાદ રાખવું અને વર્તુળનો કોઇ ભાગ ડાર્ક કરવાનો સ્હેજ પણ રહી ન જાય તે ખાસ ધ્યાન રાખવું. આ પ્રમાણે પુરેપુરૂં વર્તુળ ડાર્ક ન કરવાને કારણે કોઇ પ્રશ્ન ઓટોમેટિક મશીન/રીડર દ્વારા નોંધ લેવામાં આવશે નહીં, તે માટેની સંપુર્ણ જવાબદારી ઉમેદવારની રહેશે. આ બાબતે આયોગની કોઇ જવાબદારી રહેશે નહી. એકથી વધુ વર્તુળને ડાર્ક કરવામાં આવ્યા હશે તે જવાબને ખોટો ગણવામાં આવશે.

(૪) એકવાર ડાર્ક કરેલ વર્તુળને/જવાબને, ત્યારબાદ બદલી શકાશે નહિ. આથી શાંતિથી અને પુરેપુરી વિચારણા કર્યા બાદ જવાબ આપવો/વર્તુળ ડાર્ક કરવું.

(૫) નોંધ/ચેતવણી : ઉમેદવારોના ધ્યાને ખાસ લાવવામાં આવે છે કે અમુક ઉમેદવારો પોતાના રોલ નંબર, પ્રશ્નપુસ્તિકાની સિરિઝ કે તેના જેવી અગત્યની બાબતોમાં ખોટું એનકોડીંગ કરે છે/અધુરૂ એનકોડીંગ કરે છે જેના કારણે તેમની ઉમેદવારી રદ થાય છે. આપના કિસ્સામાં આવું ન બને તે માટે પૂરતી કાળજી રાખવી.

**(ઘ) કેટલીક મહત્વની જોગવાઇઓ :**

૧. પરીક્ષાની જવાબવહીમાં આપનું નામ, રોલ નંબર, પરીક્ષાનું નામ વગેરે વિગતો ભરવાની થાય છે. આથી પરીક્ષા શરૂ થવાના ૩૦ મિનિટ પહેલા આપે પરીક્ષા ખંડમાં ઉપસ્થિત થઇને આપનું સ્થાન ગ્રહણ કરી લેવું.

૨. પરીક્ષા શરૂ થયા પછી કોઇપણ સંજોગોમાં ઉમેદવારને પરીક્ષામાં પ્રવેશ આપવામાં આવશે નહિ.

૩. પરીક્ષામાં પ્રવેશ માટે પ્રવેશપત્ર અને હાજરીપત્રક લાવવાના રહેશે.

૪. પરીક્ષાના પુરા સમય દરમ્યાન પરીક્ષાખંડ છોડવાની પરવાનગી મળશે નહિ.

૫. પરીક્ષા પુરી થયા બાદ, જવાબવહી નિરીક્ષક પાસે જમા કરાવવાની રહેશે. પ્રશ્નપુસ્તિકા ઉમેદવારે લઇ જવાની રહેશે.

૬. આપે જવાબવહીમાં બંને ભાગની વિગતો ભૂરી / કાળી શાહીની બોલપેનથી લખવાની છે.

૭. પ્રશ્નપુસ્તિકા પર આપેલ સુચનાઓ આપે કાળજીપૂર્વક વાંચવી અને તેનું ચોક્કસપણે પાલન કરવું.

૮. રફ પેપર, ડ્રોઇંગના સાધનો કે ગાણિતિક સાધનો, કેલ્ક્યુલેટર તથા મોબાઇલ લાવવા નહિ.

૯. રફ-કામ પ્રશ્નપુસ્તિકાની કોરી જગ્યાએ કરવું. રફ-કામ માટે અલગ કાગળ આપવામાં આવશે નહિ.

**(ચ) વિશેષ સૂચનાઓ :**

પરીક્ષાખંડમાં આપને નિરીક્ષક ધ્વારા જવાબવહી આપવામાં આવશે. જવાબવહી પર નંબર છપાયેલ છે કે કેમ તેની ખાત્રી કરવી. જો નંબર વગરની જવાબવહી હોય તો તુરત જ નિરીક્ષક પાસેથી બદલાવી લેવી. જવાબવહી પર માંગેલ માહિતી ભૂરી/કાળી શાહીની બોલપેનથી ભરવી. નિરીક્ષકે જવાબવહી પર ટૂંકી સહી કરવાની છે, નિરીક્ષકે સહિ કરેલ છે કે નહિ તેની ખાત્રી કરી લેવી. જો સહી ન હોય તો તેની જાણ નિરીક્ષકને વહેલી તકે કરીને સહી મેળવી લેવી. નિરીક્ષકની સહી વિનાની જવાબવહી આયોગ માન્ય ગણશે નહિ. પરીક્ષા ખંડમાં નિરીક્ષક તરફથી આપને પ્રશ્નપુસ્તિકા આપવામાં આવશે. પ્રશ્નપુસ્તિકા મળ્યેથી તેના પર A, B, C or D લખેલ છે કે કેમ તેમજ પ્રશ્નપુસ્તિકા પર નંબર લખાયેલ છે કે કેમ તેમજ તેના બધા પાનાઓ છપાયેલ છે કે કેમ તેની ખાત્રી કરવી. જો તેમ ન જણાય તો તે બદલાવી લેવી. જ્યાં સુધી નિરીક્ષક પ્રશ્નપુસ્તિકા ખોલવાનું ન કહે ત્યાં સુધી તે ખોલવી નહિ અને તેના પરની સૂચનાઓ શાંતિથી વાંચવી. પ્રશ્નપુસ્તિકા પર આપેલ ખાનામાં બોલપેનથી ‘બેઠકનંબર’ લખવો. જવાબવહી પર પ્રશ્નપુસ્તિકાની સિરીઝ આપેલ ખાનામાં લખવી અને તેની નીચે ભૂરી અથવા કાળી શાહીની બોલપેનથી એનકોડ કરવી.

**(છ) પરીક્ષાનું સમાપન :**

નિરીક્ષક દ્વારા લખવાનું બંધ કરવાનું જણાવવામાં આવે કે તુરત જ આપે લખવાનું બંધ કરવું. જ્યાં સુધી નિરીક્ષક આપની પાસે આવીને જવાબવહી પરત ન લે અને આપને પરીક્ષાખંડ છોડવાની પરવાનગી ન આપે ત્યાં સુધી આપે આપની જગ્યા પર શાંતિથી બેસવું.

(જ) આ પરીક્ષામાં લગભગ તમામ કેંદ્રો પર CCTV કેમેરાનો ઉપયોગ કરવામાં આવનાર છે. કેમેરાના વિડીયો રેકોર્ડીંગના આધારે કોઇ ઉમેદવારે કોઇપણ પ્રકારની પરિશિષ્ટ-૧ની સૂચના ક્રમાંક ૧૫માં દર્શાવેલ ગેરરીતિ કરવાનું સાબિત થશે તો તે સૂચનામાં દર્શાવ્યા મુજબ શિક્ષાને પાત્ર ઠરશે જેની ઉમેદવારોએ નોંધ લેવી.

******